**તા.૭.૫.૨૦૨૦ના રોજ અનુસ્નાતક કક્ષાના વિધાર્થીઓના વાઈવા અને પ્રિલિમ વાઈવા પરીક્ષા લેવા બાબતે ફેકલ્ટીના ડીનશ્રીઓની સંશોધન નિયામકશ્રીની કચેરીમાં મળેલ બેઠકની કાર્યવાહી નોંધ**

---

આ બેઠકમાં નીચે મુજબના ડીનશ્રી/અધિકારીશ્રીઓ હાજર રહયા હતા.

| નં | અધિકારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | ડૉ.એસ.આર.ચૌધરી | માન. કુલપતિશ્રી અને અનુસ્નાતક વિધાધ્યક્ષ, ન.કૃ.યુ., નવસારી |
| ૨ | ડૉ.એચ.આર.પંડયા | કુલસચિવશ્રી, ન.કૃ.યુ., નવસારી |
| ૩ | ડૉ. વી.બી.ખરાદી | ડીનશ્રી, વેટરનરી ફેકલ્ટી, ન.કૃ.યુ., નવસારી |
| ૪ | ડૉ. એમ.કે એરવાડીયા | આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી |
| ૫ | ડૉ.પી.કે.શ્રીવાસ્તવ | ડીનશ્રી, બાગાયત–વ–વનીય વિધાશાખા, ન.કૃ.યુ., નવસારી |
| ૬. | પ્રો. એ.એમ.પટેલ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક), ન.કૃ.યુ., નવસારી |

બેઠકની શરૂઆતમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ.એચ.આર.પંડયાએ સૌનું સ્વાગત કરી આવકાર્યા ત્યારબાદ હાલની કોવીડ–૧૯ પેન્ડામીકની વિકટ પરિસ્થિતિને ધ્યાને લઈને અનુસ્નાતક વિધાર્થીઓની પ્રિલિમ વાઈવા તથા થીસીસ વાઈવા પરીક્ષાઓ લેવા બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી અને લાંબી ચર્ચાના અંતે હાલની કોરોના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ ચાલુ વર્ષની અનુસ્નાતક કક્ષાની વાઈવા પરીક્ષાઓ માટે નીચે મુજબના નિર્ણયો લેવાયા.

૧. જો વિધાર્થી અનુસ્નાતક કક્ષાના પ્રિલિમ વાઈવા યોજવા માટેના તમામ નકકી થયેલ માપદંડ પરીપૂર્ણ કરતા હોય તેમજ તેમના સમિતિના સભ્ય અને બાહય પરિક્ષક પણ અત્રે નવસારી ખાતે હાજર હોય તો વિધાર્થીના પ્રિલિમ વાઈવા/થીસીસ વાઈવા કોવીડ–૧૯ની સંક્રમણ ન થાય તે માટે લેવામાં આવતા પગલા લઈને વિધાર્થીની રૂબરૂ વાઈવા પરીક્ષા ગોઠવી શકાય. પરંતુ જો વિધાર્થી, વિધાર્થીની સમિતિ સભ્યો તેમજ બાહય પરિક્ષક અલગ અલગ જગ્યાએ નવસારી બહાર હોય અને કોવીડ–૧૯ ની પરિસ્થિતિમાં રૂબરૂ બોલાવી શકાય તેમ ન હોય તો તેઓના પ્રિલિમ વાઈવા

વીડીયો કોન્ફરન્સીંગથી ઓનલાઈન જે તે કોલેજના ડીન્શ્રી/આચાર્યશ્રીની જાણ હેઠળ ગોઠવીને લેવી. રીપોર્ટમાં સમિતિ સભ્ય તેમજ બાહય પરીક્ષકની સહી મેળવી રજૂ કરવાનું રહેશે. તેમજ ઓનલાઈન વાઈવાનો રેકોર્ડ આપના ડોકયુમેન્ટ તરીકે ભવિષ્યમાં સાચવવાનો રહેશે.

૨. અનુસ્નાતક કક્ષાએ ઉપર મુજબ જો વિધાર્થી થીસીસ વાઈવા વોઈસ માટે તમામ નકકી કરેલા માપદંડ પરિપૂર્ણ કરતા હોય અને તેઓની થીસીસનો ઈવેલ્યુએશન રીપોર્ટ અત્રે મળી ગયો હોય તો તથા બાહય પરીક્ષક વિધાર્થીની પરીક્ષા લેવા તૈયાર હોય તો વિધાર્થીઓનો થીસીસ વાઈવા ઉપર મુજબ સૂચવ્યા પ્રમાણે વિડિયો કોન્ફોરન્સીંગથી ઓનલાઈન અથવા ઓફ લાઈન લેવી.

૩.અનુસ્નાતક વિધાર્થીઓ તેના કચ્ચા બાઉન્ડ થીસીસ સબમીટ કરતા પહેલા વિધાર્થીએ ઓછામાં ઓછા એક મહિના પહેલા પ્રિલિમ પરીક્ષા(લેખિત અને વાઈવા વોઈસ) પરિપૂર્ણ કરેલ હોવી જોઈએ તે નિયમમાં હાલની કોવીડ–૧૯ની પરિસ્થિતિને ધ્યાને લઈ ઉકત નિયમ ધ્યાને ન લેવાનું નકકી કરવામાં આવ્યું.

અંતમાં મદદનીશ કુલસચિવશ્રી (એકેડેમીક)એ સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવી.

**જા.નં. નકૃયુ/રજી/પરીક્ષા/પી.જી./ ૧૩૨૩–૩૩/૨૦**
**તા. ૧૨/૫/૨૦૨૦**

**કુલસચિવ**